# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ

ક્રમાંક :ક.યુ/એમ.કોમ./ અભ્યાસક્રમ/૨૦૨૩/

યુનિવર્સિટી કાર્યાલય, મુન્દ્રા રોડ, ભુજ.

તા:–૨૭/૦૭/૨૦૨૩

**પરિપત્ર નં : ૬૬**

એકેડેમિક કાઉન્સિલની તા.૨૭/૦૬/૨૦૨૩ની સભાના ઠરાવ નં. ૦૯ તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૦૩/૦૭/૨૦૨૩ની સભાના ઠરાવ નં. ૦૨ થી મળેલ મંજૂરી અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ના એમ.કોમ. ના વિદ્યાર્થીઓ માટે એમ.કોમ.માં અર્થશાસ્ત્ર વિષય બ્રીજ કોર્ષ/ વિષય તરીકે પાછળની અસરથી દાખલ કરવામાં આવે છે. જેના પ્રવેશ, ફી નું ધોરણ, પરીક્ષા, પરિણામ, ક્રેડિટ વગેરેના નિયમો આ સાથે સામેલ રાખેલ માર્ગદર્શિકા અનુસાર રહેશે. આ બ્રીજ કોર્ષ/ વિષયનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી કરવાનો રહેશે અને માર્ગદર્શિકામાં આપેલ નિયમોનું પાલન કરી આગળની કાર્યવાહિ હાથ ધરવાની રહેશે.

કુલસચિવ

**બિડાણ :** માર્ગદર્શિકા

**પ્રતિ,**

૧. સંબંધિત કોલેજો તથા ભવન

**નકલ રવાના જાણ અર્થે**

૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ
૨. કુલસચિવશ્રીનું કાર્યાલય
૩. ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા
૪. ડી

**નકલ રવાના આગળની કાર્યવાહિ અર્થે..**

૧. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ
૨. સિસ્ટમ ઇન્જીનીયરશ્રી, કોમ્પ્યુટર વિભાગ
૩. એકેડેમિક વિભાગ

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રારોડ, ભુજ–કચ્છ, ૩૭૦૦૦૧ ફોન નં. ૦૨૮૩૨–૨૩૫૦૦૨
registrar.kskvku@gmail.com http://kskvku.digitaluniversity.ac

## કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ

### એમ.કોમ.નાં સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર – ૨ માં અર્થશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ સમાવી વિદ્યાર્થીઓની પરીક્ષા બાબતની માર્ગદર્શિકા

એકેડેમિક કાઉન્સિલ (કચ્છ યુનિવર્સિટી)ની તારીખ ૨૭/૦૬/૨૦૨૩ના રોજ મળેલ બેઠકના ઠરાવ નંબર –૯ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩નાં એમ.કોમ.નાં સેમેસ્ટર ૧ અને સેમેસ્ટર–૨માં અર્થશાસ્ત્ર વિષયને ફરજિયાત વિષય તરીકે પાછળની અસરથી દાખલ કરી ઉપરોક્ત શૈક્ષણિક વર્ષના વિદ્યાર્થીઓ માટે સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૨ દાખલ થતા અર્થશાસ્ત્રના પેપર માટે બ્રીજ કોર્ષ (ફરજીયાત વિષય) અને ઉપરોક્ત સેમેસ્ટરના અર્થશાસ્ત્ર વિષયના પેપરની પરીક્ષા માટેની કાર્યવાહી માટે જરૂરી માર્ગદર્શિકા તૈયાર કરવાનું આથી સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

**બ્રીજ કોર્ષ (ફરજીયાત વિષય)અને તેની પરીક્ષા સંબંધી કાર્યવાહી માટેની માર્ગદર્શિકા**

૧. એમ.કોમના આ બ્રીજ કોર્ષ (ફરજીયાત વિષય)માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩માં કચ્છ યુનિવર્સિટી ખાતેના એમ.કોમ. વિભાગ અને સંલગ્ન કોલેજમાં ચાલતા એમ.કોમ.ના પી.જી. સેમેસ્ટરમાં ચાલતા એમ.કોમ.માં રેગ્યુલર વિદ્યાર્થી તેમજ એક્ષ્ટર્નલ વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે જ છે. આ વ્યવસ્થા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ સુધી અમલમાં રહેશે. એટલે ૨૩–૨૪ના જુલાઇ/–ઓગષ્ટમાં સેમેસ્ટર ૧ અને ૨૩–૨૪ના ડિસેમ્બર/જાન્યુઆરી થી શરુ થતા સેમેસ્ટર –૨ માટે અમલમાં રહેશે. આ જે તે સેમેસ્ટર માં નાપાસ થયે વિદ્યાર્થીઓને પાસ થવા માટે એક વધુ તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન આપવામાં આવશે. જે તે સેમેસ્ટર દરમ્યાન તેમની પરીક્ષા લેવામાં આવશે.

૨. આ બ્રીજ કોર્ષ(ફરજીયાત વિષય) શરૂ કરવાની જવાબદારી એમ.કોમ. વિભાગ કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટીની રહેશે.જે માટે જરૂરી પ્રવેશની પ્રક્રિયા ફરજિયાત કરી તેની નોંધણી કોમ્પ્યુટર વિભાગ અને વિદ્યાર્થી શાખાને કરવાની રહેશે. ઉપરોક્ત પ્રવેશની નોંધણી માટે રૂપિયા ૫૦ ફી લેવાની રહેશે. અન્ય કોઇ સત્ર ફી લેવાની રહેશે નહિ.

૩. ઉપરોત બ્રીજ કોર્ષ (ફરજીયાત વિષય)માટે રૂબરૂ શિક્ષણ વ્યવસ્થા રેગ્યુલર વર્ગો માટે ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ હશે તો તેમના માટે વર્ગો શરૂ કરવામાં આવશે. જો વર્ગો શરૂ ન થાય તો દર અઠવાડિયે શનિવારે વિદ્યાર્થીઓ માટે કાઉન્સિલિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ કાઉન્સિલિંગની કામગીરી યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલ જે તે સેમેસ્ટરની આંતરિક પરીક્ષાની તારીખ સુધી થશે. જેની વ્યવસ્થા એમ.કોમ. વિભાગ કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી દ્વારા કરવાની રહેશે. અને નિયમાનુસારનાં અધ્યાપકને ઉપરોક્ત વર્ગો માટેને જવાબદારી સોંપવાની

રહેશે. External અને Regular વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ એક સમાન રહેશે. આ વધારાની પરીક્ષા આપવા ઇચ્છુક External અને Regular વિદ્યાર્થીઓએ પ્રથમ સેમેસ્ટર માટે તા.૩૧ ઓગષ્ટ સુધીમાં અને બીજા સેમેસ્ટર માટે તા.૩૧ જાન્યઆરી સુધીમાં નોંધણી યુનિવર્સિટી ખાતે કરાવવાની રહેશે.

૪. ઉપરોક્ત બ્રીજ કોર્ષ (ફરજીયાત વિષય)ને અંતે નિયમનુસાર પરીક્ષા, પરીક્ષા વિભાગ કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી દ્વારા જે તે વર્ષના ચાલુ વિદ્યાર્થીઓ સાથે યુનિવર્સિટી ની થીયરીની પરીક્ષા લેવાની રહેશે. જેની પરીક્ષા ફી રીપીટર વિદ્યાર્થીની પરીક્ષાની ફીના ધોરણે લેવાની રહેશે.

૫. યુનિવર્સિટીની થીયરીની પરીક્ષામાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે નોંધણી કરાવેલ વિદ્યાર્થી માટે કુલ ૭૦ ગુણનું પ્રશ્ન પેપર રહેશે. અને ૩૦ માર્કસની આંતરિક પરીક્ષા જેમાં એસાઇન્મેન્ટ/સેમિનાર/પ્રશ્નો દ્વારા લેવાની રહેશે. અને આ પરીક્ષા એમ.કોમ. વિભાગ દ્વારા લેવાની રહેશે. અને એક્ષ્ટર્નલ વિદ્યાર્થી માટે ૧૦૦ ગુણનું પ્રશ્ન પેપર રહેશે. તેમજ પ્રશ્ન પેપેરનું માળખું જે તે વર્ષના માળખાને અનુરૂપ રહેશે.

૬. ઉપરોક્ત બ્રીજ કોર્ષ (ફરજીયાત વિષયમાં) પાસિંગ ધોરણ એમ.કોમના અન્ય પેપરો મુજબ રહેશે.

૭. ઉપરોક્ત વિદ્યાર્થીને આ બ્રીજ કોર્ષ (ફરજીયાત વિષય)ની અલગથી માર્કશીટ આપવાની રહેશે. પાસ થયેલ વિદ્યાર્થીઓને દરેક સેમેસ્ટર દીઠ ચાર ક્રેડિટ આપવાની રહેશે. સેમેસ્ટર ૧ માટે ચાર અને સેમેસ્ટર ૨ માટે ચાર એમ આઠ ક્રેડીટ આપવાની રહેશે. વિદ્યાર્થીઓને ટ્રાન્સક્રીપ્ટ આપતી વખતે ઉપરોક્ત ક્રેડીટનો સમાવેશ કરવો. આ ક્રેડીટ માર્કસીટમાં દર્શાવવી. આ વિદ્યાર્થીના રેગ્યુલર અભ્યાસ કરતા વધારાની ક્રેડીટ ગણાશે. જે વિદ્યાર્થીઓ દ્વારા બન્ને સેમેસ્ટર પાસ કરવાના રહેશે અને જે તે વિદ્યાર્થીની ૮ ક્રેડીટ માન્ય ગણાશે. જો વિદ્યાર્થી ફક્ત કોઈપણ એક (પ્રથમ અથવા બીજું) સેમેસ્ટર પાસ કરેલ હશે તો આ અંગે કોઈ પણ પ્રકારનો પત્ર યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે નહિ. આ બ્રીજ કોર્ષની પરીક્ષાની વધારાની માર્કશીટને કારણે વિદ્યાર્થીના એમ.કોમ.ની ડીગ્રી માટે કરેલ પ્રયત્ન(ટ્રાઈ) ઉપર કોઈ અસર પડશે નહી.

કુલસચિવ

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧